શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ - ૯ અંક - ૭
જુલાઈ - ૨૦૧૭
પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-

ઇષ્ટ લંડન ખાતે શ્રી ઘનશ્યામ મહારાજના રાજોપચાર પૂજન પ્રસંગે ઉપસ્થિત સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનો

સનાતન મંદિર - લેસ્ટર તથા સ્વામિનારાયણ મંદિર હેરોમાં યોજાયેલ સત્સંગ સભામાં ઉપસ્થિત સંતો તેમજ મંત્રગાન કરતા આચાર્યો

ગુરુપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે પૂજ્ય મહારાજશ્રીનું પૂજન કરતા બાલકૃષ્ણ સ્વામી તથા ઉપસ્થિત મુખ્યમંત્રીશ્રી, સંતો-મહાનુભાવો - વડતાલ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ધ્રોલેશ્વર ખાતે ઉજવાયેલ ગુરુપૂર્ણિમા મહોત્સવમાં ઉપસ્થિત પૂજ્ય પુરાણી સ્વામી, સંતો તથા વિદ્યાર્થીઓ

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ : ૯, જુલાઇ : ૨૦૧૭, અંક : ૭

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર : જી. વિઝન
મુદ્રક : સૂર્યા ઓફસેટ

છુટક અંક	: રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

મેહુલો તે વરસે હરિ મંદિરમાં...

મેહુલો તે વરસે હરિ મંદિરમાં,
રમઝમ કરતા આવે રે;
મોરલીના સ્વરમાં મલ્હાર આલાપે,
રાગ રાગણી ગાવે રે...મેહુલો
શ્યામ ઘટા ઘનની ચઢી આવી,
શ્યામ કોકિલા બોલે રે;
શ્યામ સુંદરની બંસી સુણીને,
દિલ વસિયર થઈ ડોલે રે...મેહુલો
મોરલીને તાને ભીને ભીને વાને,
મોહી રહ્યું મન મારું રે;
રસિકરાય વિના પળ જુગ જેવી,
ક્યાંઈ ન લાગે સારું રે...મેહુલો
રાત દિવસ મુખપંકજ જોતાં,
નયણાં તૃપ્તિ નવ પામે રે;
મુક્તાનંદનો નાથ રસીલો,
ખૂબ લગાડી ભામે રે...મેહુલો

- સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી

ભારતીય સંસ્કૃતિના ચિંતક, લેખક અને સાધક શ્રી ભાણદેવજી પોતાના પુસ્તક 'આપણો વહાલો હિન્દુ ધર્મ'માં લખે છે, આજના સમયમાં 'હિન્દુ' શબ્દ બોલીએ કે સાંભળીએ ત્યારે તરત જ નાના-મોટા સંપ્રદાયો અને વિવિધ ધર્મોના નામ આપણા ચિત્તમાં ખડા થઈ જાય. મુળભૂત રીતે હિન્દુ શબ્દ કોઈ ધર્મ સાથે જોડાયો નહોતો. પ્રાચીન કાળે ભારતમાં ધર્મ શબ્દ આર્ય ધર્મ, વૈદિક ધર્મ કે સનાતન ધર્મના નામે માનવ જીવનમાં દૈનિક જીવન જીવવાની રીતભાતમાં ઓતપ્રોત હતો.

આ સનાતન વૈદિક ધર્મની વ્યાખ્યા જ સૌને ધારણ કરવાની, સૌને એકબીજા સાથે જોડી રાખવાનો નિર્દેશ કરે છે.

''धारयति इति धर्मः'' જે ધારણ કરી રાખે છે, તે ધર્મ છે. અર્થાત્ જેમ જળનું વહેવું એ નદીનો ગુણધર્મ છે. એટલે કે વહેતા જળ વિના નદીનું અસ્તિત્વ જ સ્વીકારી શકાતું નથી, એ જ રીતે પ્રકાશ અને ગરમી એ અગ્નિના ધર્મ છે. એ જ રીતે માનવીની માનવતા જે સદાચાર - નિયમોને આધારે ટકી રહે છે - એ માનવધર્મ છે અને એ જ સનાતન ધર્મ છે.

એક પ્રખ્યાત સુભાષિત આપણે વારંવાર સાંભળીએ છીએ અને સમજીએ છીએ.

''आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत् पशुभिः नराणाम् ।
धर्मो हि तेषां अधिको विशेषः धर्मेणहीनाः पशुभिः समानाः ॥''

અર્થાત્ આહાર (ખોરાક), નિદ્રા (ઉંઘ), ભય અને મૈથુન (સેક્સ) આ બધા તત્ત્વો મનુષ્ય અને પશુમાં સમાનપણે રહ્યા છે, પરંતુ માનવીમાં ધર્મ એક વિશેષ તત્ત્વ છે. તેથી ધર્મ વિનાનો માનવી પશુ જેવો છે. એક ધર્મમય જીવન જ માનવીને પશુવૃત્તિમાંથી ઉપર ઉઠાવે છે. ધર્મ ન માત્ર માનવ પરંતુ જડ-ચેતન વિશ્વને ધારણ કરી રાખે છે; ધર્મનો સર્વથા ઈન્કાર કરીને કોઈ સમાજ ટકી શકે નહીં.

માનવીને પરમાત્માએ એવી બુદ્ધિશક્તિ આપેલી છે કે માનવીમાં સદાય મહાન બનવાની ઉચ્ચતર આકાંક્ષા બની રહે છે. આ ઉચ્ચત્તર જીવનની આકાંક્ષાપૂર્ણ માનવીય જીવન પદ્ધત્તિનો પાયો ધર્મ છે. મહાન બનવાની ઉચ્ચ આકાંક્ષામાંથી એક જીવન પદ્ધતિ વિકસે છે. આ જીવન પદ્ધતિ એ જ ખરો ધર્મ છે, જે તેના પાલન કરનારને સદાય વિકાસની ભૂમિકામાં મૂકી દે છે.

હિન્દુ માટે મૂળ શબ્દ આર્ય છે. આર્ય એટલે ઉત્તમ અથવા મહાન. આર્યપ્રજા ઉત્તમ વિચારો, વાણી, વર્તનથી સમૃદ્ધ હતી અને પરમ સત્યની ઉપાસનામાં મગ્ન રહીને જીવનનો સતત વિકાસ સાધતી રહેતી.

આપણને ખોટા ઈતિહાસ ભણાવીને એવું સમજાવવામાં આવે છે કે આર્યો ઉત્તરધ્રુવ કે મધ્ય એશિયામાંથી ભારતમાં આવ્યા છે. આ સત્ય વાત નથી. ખરા અર્થમાં આર્યો મૂળ રીતે હિમાલય નિવાસી છે અને એ હિમાલયમાંથી ક્રમિક રીતે ઉત્તરભારતના મેદાની પ્રદેશોમાં પધાર્યા છે. આ સત્ય હકીકત છે.

આ હિમાલય નિવાસી આર્યપ્રજા સમયાન્તરે સપ્તસિંધુના પ્રદેશમાં ફેલાઈ ગઈ અને આ આર્યપ્રજામાં સતત ઉચ્ચતર જીવન જીવવાની આકાંક્ષા પ્રગટી, વધી, વિકસી અને જ્વલંત બની. તેમની આવી ઉત્તમ જીવનની ઝંખનામાંથી એક અભૂતપૂર્વ જીવનદર્શન અને જીવન પદ્ધતિ પ્રગટ થયા.

આર્યાવર્તની (ભારતનું મૂળનામ આર્યાવર્ત ખંડ છે.) આ તેજસ્વી પ્રજાએ એક વિરલ જીવન વ્યવસ્થાને જે નામ આપ્યું તેનું નામ ધર્મ. આર્યો તેનું યથાર્થ પાલન કરતા હોવાથી તે પ્રારંભમાં આર્યધર્મ તરીકે ઓળખાયો. આ ઉત્તમ જીવન વ્યવસ્થા કાયમી હોવાથી એ સનાતન ધર્મ તરીકે પણ પ્રચલિત થયો અને સમયાન્તરે એ હિન્દુધર્મ તરીકે પ્રચાર પામ્યો.

'હિન્દુ' શબ્દનો સૌથી પહેલો પ્રયોગ ગ્રીક લોકોએ કર્યો. સિકંદરની સાથે ગ્રીક લોકો ભારતના ઈશાન સીમાડે આવ્યા ત્યારે એ વિસ્તારની મુખ્ય નદી સિંધુ છે. આ સિંધુ નદી અનેક ધારાઓ અને શાખા-પ્રશાખામાં વહેંચાયેલી હતી અને આ નદીના કિનારે આર્યપ્રજા વસતી હતી.

આ સિંધુકિનારે વસેલી પ્રજાને ગ્રીકો 'સિન્ધુ' કહેવા લાગ્યા. ગ્રીક લોકો 'સિન્ધુ' નો સ્પષ્ટ ઉચ્ચાર કરી શકતા નહીં તેથી તેઓ આર્યોને 'હિન્ધુ' કહીને બોલાવતા. આ હિન્ધુ' ઉચ્ચારણમાંથી સમયાન્તરે 'હિન્દુ' શબ્દ બન્યો અને એ આર્યપ્રજા જે ઉત્તમ જીવનરીતને અપનાવતા તેને 'હિન્દુધર્મ' એવું નામ મળ્યું.

આર્યપ્રજાએ પણ પવિત્ર નદી અને ઉત્તમ જીવન સાથે

જોડાયેલા આ હિન્દુ નામને એવી રીતે સ્વીકારી લીધું કે પાછળથી આ પ્રજા માટે હિન્દુપ્રજા, તેમની સંસ્કૃતિ માટે હિન્દુ સંસ્કૃતિ અને દેશ માટે હિન્દુસ્તાન અને તેમના ધર્મ માટે હિન્દુધર્મ શબ્દનો પ્રયોગ સર્વવ્યાપક અને સર્વસ્વીકૃત બન્યો.

આમ હિન્દુધર્મ એટલે સતત વિકાસ પામતો, સૌના ઉત્તમ વિચારો અને વ્યવહારોને સ્વીકારતો વૈદિકધર્મ છે. ખરા અર્થમાં વિકસવું એ જ ધર્મ છે, જીવનનું સ્વરૂપ છે તેથી આવા ઉર્ધ્વગામી જીવનવિકાસ માટે ઉત્તમ માનવો, મહાપુરુષો, આચાર્યો અને સંતોએ અપનાવેલી જીવનની રીતભાતને આપણે હિન્દુ જીવનની રીત **Hindu Life Style** કહીએ છીએ. શ્રેષ્ઠ જીવન પદ્ધત્તિનો આપણા જીવનમાં અમલ કરીને સૌના સુખની, સર્વના આરોગ્યની, સર્વના કલ્યાણની કામના કરીએ છીએ.

ભગવાન વેદવ્યાસના વૈદિક વિચારોમાં હિન્દુ જીવન રીતિના પાયાના તત્ત્વોનો સમાવેશ થયેલો છે તેથી વેદ, પુરાણ, ઇતિહાસના જીવનસાગરમાંથી સમયે સમયે અનેક મહાપુરુષોએ આ ઉન્નત જીવન રીતિમાં પ્રકાશ પાડીને પોતાના જીવનના જીવંત ઉદાહરણ દ્વારા તેમાં સુધારાઓ અને પરિવર્તનો માટે માનવ સમાજને પ્રેરણા આપી છે.

શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય જેવા અનેક આચાર્યોએ વ્યાસદેવના વિચારોને દાર્શનિક - તાત્ત્વિકરૂપ આપીને હિન્દુધર્મની જીવન રીતિમાં સમયાનુરૂપ પ્રદાન કરેલ છે.

આ અધ્યાત્મ પરંપરાને શ્રી સ્વામિનારાયણ ભગવાન અને પરમહંસોની પરંપરાએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સભર એકાંતિક ધર્મની વિભાવનાથી પ્રગટાવ્યો છે અને જાળવ્યો છે. વર્તમાનકાળે આ જ એકાંતિક ધર્મના વ્યાપક પ્રચાર - પ્રસાર માટે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ગુરુકુલોના માધ્યમથી શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક વિશ્વમાં મહાન પ્રદાન કરેલ છે, જે સર્વવિદિત છે. આપણા સત્સંગમાં અર્થાત્ સ્વામિનારાયણ સંપ્રદાયમાં જે જીવનરીતિ છે, તે મુળભૂત રીતે વૈદિક છે, સનાતન છે અને હિન્દુધર્મની મૂળ પરંપરાને અનુસરતી સદાચારની જીવનરીતિ છે, તેથી ક્યારેય આપણને એવું નથી લાગતું કે, 'હું હિન્દુ નથી.'

આજે હિન્દુધર્મમાં પણ સારી, નરસી, ક્યારેક ન ગમે તેવી રીતભાત પ્રવેશી ગયેલી હોવાથી આપણને તો આપણા સદ્‌ગુરુએ જીવનમાં અપનાવેલી અને શીખવેલી જીવનરીતિ જ અનુકૂળ આવે છે.

આપણી જીવનરીતિનું માર્ગદર્શન આપતો નાનકડો ગ્રંથ એટલે શિક્ષાપત્રી અને વિશેષ સમજણ કેળવીને જીવનને આધ્યાત્મિક રીતે ઉર્ધ્વગામી બનાવવું હોય તો વચનામૃત ગ્રંથ, આ બે ગ્રંથો આપણા જીવનને સફળ અને સાર્થક કરવા માટે પર્યાપ્ત છે.

'प्रवर्तनीया सद्‌विद्या भूवि यत्सुकृतं महत् ।' 'પૃથ્વી ઉપર સદ્‌વિદ્યાનો પ્રચાર કરવો.'

'भाव्यं दीनेषु वत्सलैः ।' 'દીનજન ઉપર દયાવાન થવું.'

અને 'सर्वजीवहितावहः ।' 'આ શિક્ષાપત્રીના આદેશો સર્વ જીવોનું હિત કરનારા છે.'

આ શ્લોકો ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રાણીમાત્રના કલ્યાણ માટે લખેલી શિક્ષાપત્રીના છે.

આજથી આશરે બસો વર્ષ પૂર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણે 'સર્વજીવહિતાવહ'ની મંગલ કામનાથી આ નાનકડી શિક્ષાપત્રી લખેલી છે. પૂરાયે સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ શિક્ષાપત્રીનો નિત્ય પાઠ થતો હતો, પરંતુ એ સર્વજીવહિતાવહ સંદેશાઓ પોતાના અમલીકરણનો અવસર શોધી રહ્યા હતા.

આકાશમાંથી ઊતરતી ગંગાને ભગવાન શંકર ઝીલે, એમ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ આ સંદેશાઓને ઝીલ્યા અને એમાંથી વિશ્વનું મંગલ કરનારી ગંગા સમી ગુરુકુલ સંસ્કૃતિનું ધરતી ઉપર પુનરાગમન થયું; જેણે માનવજાત માટે કલ્યાણકારી શૈક્ષણિક જગતની કાયાપલટ કરવાનો માર્ગ મોકળો કર્યો.

સદ્‌વિદ્યાના પ્રવર્તનથી જ માનવજાતનો સર્વાંગી વિકાસ થઈ શકે છે. સદ્‌વિદ્યા જ સાચા સુખની ગુરુચાવી છે. સદ્‌વિદ્યા એટલે સંસ્કાર સાથેનું શિક્ષણ, સદ્‌વિદ્યા એટલે

ભૌતિક વિજ્ઞાન સાથે આધ્યાત્મ વિજ્ઞાનનો સંગમ.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ અદ્‌ભૂત શ્લોકને મૂર્તરૂપ આપવા માટે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ઈ.સ. ૧૯૪૮ વસંતપંચમીના રોજ રાજકોટ મુકામે ગુરુકુલની સ્થાપના કરી અને જોતજોતામાં ન કેવળ ગુજરાત, પરંતુ પૂરાએ ભારતમાં ગુરુકુલના માધ્યમથી સંસ્કારયુક્ત શિક્ષણની સુગંધ આજે વસંતની વનરાઈની માફક ચોમેર પ્રસરી રહી છે.

સદ્‌વિદ્યાના માધ્યમથી અન્નદાન, વિદ્યાદાન અને અભયદાનનું સદાવ્રત માંડનારા અને સૌરાષ્ટ્રની ધીંગી ધરાના સંત શાસ્ત્રીજી મહારાજના ગુરુકુલ રૂપી કાર્યની સુવાસ જોતજોતામાં દેશ-વિદેશમાં ફેલાઈ રહી. ગુરુકુલમાં અભ્યાસ કરી તૈયાર થયેલા વિદ્યાર્થીઓ જ્યાં જ્યાં જતા, ત્યાં દેશ-વિદેશમાં સદાચારની સુવાસ ફેલાવતા થયા. ગુરુકુલ અને ગુરુદેવની શાખ દિન-પ્રતિદિન વધતી રહી.

દેશ અને સત્સંગના જોગથી દૂર - વિદેશમાં વસતા વિદ્યાર્થીઓ તથા ભક્તજનોને સહેજે સંતસમાગમ કરવાની મહેચ્છા જાગે એ સ્વાભાવિક છે. ભક્તોને સત્સંગની ભૂખને ભાંગનાર કોઈ સંતની જરૂર હતી. ત્યારે સૌની નજર ગુરુદેવ ઉપર પડી. ભક્તજનોએ ગુરુદેવને સૌ પ્રથમવાર આફ્રિકા તેડાવવાનું નક્કી કર્યું.

ગુરુદેવના વિદેશ પ્રવાસ પહેલા ઈતિહાસમાં ડોકીયું કરીએ.

ગુજરાતની પ્રજા સાહસી અને વેપારી પ્રજા છે. વેપાર અને સાહસ એમના લોહીમાં વણાયેલ છે. કામ કરવાની ધગશ અને આવડતને કારણે દુનિયાના દરેક દેશોમાં આજે ગુજરાતી પોતાની ઊંડી છાપ છોડી રહ્યા છે. ઈતિહાસના પાના ઉથલાવીએ તો જોવા મળે છે કે પંદરમી સદીના અંત ભાગમાં પોર્ટુગલનો વેપારી વાસ્કો-ડી-ગામા દરિયાઈ માર્ગે ભારતની શોધ કરવા નીકળ્યો ત્યારે તેણે આફ્રિકાના મલિન્ડી અને મોમ્બાસામાં ગુજરાતી વેપારીઓને જોયા હતા. કહેવાય છે કે વાસ્કો-ડી-ગામાને અરબી સમુદ્ર પાર કરાવીને ભારત સુધી લઈ આવનાર ભોમિયો કાનજી માલમ પણ ગુજરાતી ખારવો હતો.

જે સમયે યાતાયાતના સાધનોની કોઈ સગવડ નહોતી એ સમયે પણ ગુજરાતી સાહસીકો દુનિયા ખૂંદતા હતા. એ સાહસિકતાને લીધે ગુજરાતીઓમાં પણ ખાસ કરીને કચ્છી પાટીદારોએ આફ્રિકા અને ઈંગ્લેન્ડમાં પોતાનું વર્ચસ્વ જમાવ્યું.

અઢારમી સદીના મધ્યભાગે કચ્છના મહાન સંત સદ્‌ગુરુ અક્ષરજીવનદાસજી સ્વામી તથા અ.મૂ. અબજીબાપાની કૃપા અને આજ્ઞાથી હજારો કચ્છી પટેલો આફ્રિકા પહોંચ્યા હતા. તેઓમાં કોઈ કડિયાનું કામ જાણતા હતા, કોઈ મિસ્ત્રીનું કામ જાણતા હતા, કોઈ રંગકામ જાણતા હતા. કોઈપણ કામ કરવામાં નાનપ ન અનુભવનાર આ કચ્છીમાડુઓ વિદેશ ગયા પછી જે મળ્યું તે કામ કરવા લાગી ગયા. પોતાના ઈષ્ટદેવ ઉપર અપાર શ્રદ્ધા અને સદ્‌ગુરુઓની કૃપાને કારણે ધીરે ધીરે એ કચ્છી ભક્તો આફ્રિકાના મોટા મોટા બિલ્ડરો અને વેપારીઓ બની ગયા.

ધીરે ધીરે વેપાર અને ધંધાનો વિસ્તાર કરતાં કરતાં કચ્છીઓ ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા વગેરે દેશોના નગરોમાં પહોંચ્યા અને પોતાની સાહસિકતાને સાબિત કરી ધીકતા ધંધા સ્થાપ્યા.

દેશથી દૂર જઈ વેપાર-ધંધા શરૂ તો કર્યા, પણ પ્રશ્ન પોતાના સંતાનોના સંસ્કાર અને સત્સંગનો ઊભો થયો. ભારતીય વાતાવરણમાં ઉછરેલા અને એમાં પણ સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતો માટે આટલા દૂર આફ્રિકા અને ઈંગ્લેન્ડ જેવા પરાયા દેશોમાં તદ્દન ભિન્ન સંસ્કૃતિના વાતાવરણના જોગને કારણે ધીરે ધીરે સંસ્કારોનું પતન જોવા મળ્યું. ત્યારે પોતાના સંતોનોમાં ભારતીય સંસ્કારોનું સિચંન થાય અને સર્વમાં સત્સંગનું બળ જળવાઈ

રહે તેવા હેતુથી સાધુઓને પરદેશમાં બોલાવવા અને ખૂટતી કડીની પૂરતી કરવી એવું આગેવાનોએ નક્કી કર્યું.

કેટલાક ભાવિક ભક્તોની દૃષ્ટિ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ઉપર ઠરી, એટલે એમણે ગુરુદેવને વિદેશ તેડાવવાનો સંકલ્પ કર્યો. ઈ.સં ૧૯૬૯, ૧૮ ડીસેમ્બરના રોજ મુંબઈના શાંતાક્રુજ એરપોર્ટથી ગુરુદેવ ચાર સંતો સાથે રવાના થયા. નાઈરોબીમાં સ્વામીનું ભવ્ય સ્વાગત થયું. અહીં યોજાયેલ સ્વાગત સભામાં ગુરુદેવે જે પ્રવચન કર્યું. એ પ્રવચન દ્વારા જ સ્વામી હરિભક્તોના માનસમાં છવાઈ ગયા. ત્યારબાદ દારેસલામ, મોમ્બાસા, કંપાલા વગેરે શહેરોમાં ચાર મહિના ફર્યા અને ભક્તોને સત્સંગનું ખૂબ જ સુખ આપ્યું.

અત્તર, અગરબત્તી અને પુષ્પ જ્યાં જાય ત્યાં પોતાની સુગંધ છોડે, એ જ રીતે ગુણાતીતસંતની આ પહેલી જ વિદેશયાત્રામાં ગુરુદેવની સાધુતાની સુગંધ સર્વત્ર ફેલાઈ રહી. આ યાત્રાથી વિદેશમાં સત્સંગનો ખૂબ સારો પ્રચાર થયો, ભક્તજનોના અંતરાત્મા ખૂબ રાજી થયા.

ત્યાર બાદ ઈ.સ. ૧૯૭૮માં અમેરિકા અને યુરોપમાં વસતા ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હરિભક્તોએ પૂજ્ય સ્વામીને ફરીથી સત્સંગયાત્રા માટે વિદેશ તેડાવ્યા. ૭ ઓગસ્ટના રોજ ઈંગ્લેન્ડમાં વસતા ભૂતપુર્વ વિદ્યાર્થીઓ અને સ્નેહી ભક્તજનોની ભાવના પૂર્ણ થઈ. સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી યુ.કે. સત્સંગ યાત્રાએ પધાર્યા.

લંડનમાં ભક્તજનોએ ખૂબ જ પ્રેમથી પૂજ્ય ગુરુદેવનું સ્વાગત કર્યું. પૂજ્ય ગુરુદેવ શરીરની પરવા કર્યા વિના બે મહિના રોકાયા અને બધા જ ભક્તજનોને સત્સંગનું ખૂબ જ સુખ આપ્યું.

પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે આરંભેલી આ સત્સંગ યાત્રા વણથંભી ચાલી. પ્રત્યેક વિદેશયાત્રામાં પૂજ્ય ગુરુદેવની સાથે જોડાયેલા પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી અવાર - નવાર યુ.કે., અમેરિકા, આફ્રિકા વગેરે દેશોમાં સત્સંગયાત્રાએ પધારતા રહ્યા. એમના યોગમાં હજારો ભક્તજનો આવતા રહ્યા અને સત્સંગના રંગે રંગાતા રહ્યા.

જ્યારે જ્યારે સ્વામીજી પધારે ત્યારે દરેક શહેરોમાં સત્સંગ સભાનું આયોજન થાય. ભક્તજનો મોટી સંખ્યામાં ભેગા થાય અને ચોતરફ સત્સંગની લહેર વ્યાપી જાય.

આ પરંપરા વર્ષો સુધી ચાલી. ક્યારેક કથા પારાયણો થાય, ક્યારેક સંકીર્તન સરિતા યોજાય, ક્યારેક જ્ઞાનસત્રો અને સત્સંગ શિબિરનું આયોજન થાય. પછી તો આ પરંપરા નિયમિત ચાલે એવી માંગ ઊભી થઈ.

હિન્દુ લાઈફ સ્ટાઈલ સેમિનારની દસ વર્ષની યાત્રા

૨૦૦૮

ખાસ કરીને ઈંગ્લેન્ડ નિવાસી સર્વ ભક્તોના હૃદયની એક ભાવના હતી કે, દર વર્ષે યુ.કે. મુકામે નિયમિત સત્સંગનું આયોજન થાય, જેના માધ્યમથી નાના મોટા સૌના હૃદયમાં રહેલી સત્સંગની ભાવનાનું પોષણ થતું રહે.

ભક્તજનોના હૃદયની ભાવનાને સાકાર સ્વરૂપ આપવા માટે ઈ.સ. ૨૦૦૮માં લંડન મુકામે શ્રી કચ્છી લેવા પટેલ સમાજના વિશાળ કેન્દ્રમાં પ્રથમવાર 'હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર'નું આયોજન થયું.

પ્રથમ સેમિનારની તૈયારીમાં યુવાન ભાઈ - બહેનોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો. સૌના હૃદયમાં અનેરો આનંદ અને ઉત્સાહ હતો. સભામંડપનું સુશોભન થયું. સાંસ્કૃતિક કાર્યક્રમો તૈયાર થયા. ઈસ્ટ લંડનના ભક્તજનોએ રસોડામાં સેવાઓ બજાવી. અનેકવિધ તૈયારીઓ સાથે શુક્રવારની સંધ્યાએ વૈદિક મંત્રોના દિવ્ય ઘોષ થયા અને દીપ પ્રાગટ્ય સાથે પ્રથમ હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનો પ્રારંભ થયો.

સેમિનાર દરમિયાન પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ સરળ, રસાળ અને વિદ્વત્તાપૂર્ણ શૈલીમાં શાસ્ત્રોના રહસ્યો સમજાવ્યા. પૂજ્ય સ્વામીજીના મુખે હિંદુ ધર્મની જીવન પદ્ધતિની વિશિષ્ટતા સાંભળીને સૌના હૈયામાં અનેરો આનંદ વ્યાપ્યો હતો.

ત્રણ દિવસના સેમિનાર દ્વારા સૌના હૃદયમાં અનેરું સત્સંગનું પોષણ થયું. સૌના ઉત્સાહમાં અદકેરો વધારો થયો. આ સેમિનાર બાદ થયેલી સત્સંગ સભામાં સૌના ઉત્સાહ અને ઉમંગ જોઈને દર વર્ષે હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર કરવાની ઘોષણા કરવામાં આવી.

૨૦૦૯

બીજો સેમિનાર આવી રહ્યો હતો. સૌના હૈયામાં ઉત્સાહ સમાતો નહોતો. તૈયારીઓનો આરંભ થયો. તારીખ ૧૦ થી ૧૨ જુલાઈ, ૨૦૦૯ દરમિયાન સેમિનારનું આયોજન થયું. ફરી એકવાર શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર SSGP- યુ.કે.ના માધ્યમથી શ્રી કચ્છી લેવા પટેલ સમાજમાં વૈદિક મંત્રોના દિવ્ય ઘોષ સાથે સત્સંગ અને ભક્તિનો માહોલ સર્જાયો.

પૂજ્ય સંતોએ વર્તમાન દુનિયામાં જીવતા માનવીના હૃદયમાં રહેલી અશાંતિનું કારણ દર્શાવીને હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું મહત્ત્વ સમજાવતા સેમિનારની પ્રસ્તાવના કરી.

ત્રણ દિવસ સુધી પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ હિંદુ જીવન રીતિને આધારે અનોખી સમજુતિ આપી. હિંદુઓના ભોજન, પૂજા પદ્ધતિ, લગ્ન પદ્ધિત અને ગૃહસ્થ જીવનની સમજુતિ આપતા વર્તમાન સમયે હિંદુ ધર્મની સ્થિતિનું વર્ણન પણ કર્યું હતું.

લંડન સ્થિત ગુરુકુલના ભૂતપુર્વ વિદ્યાર્થીઓએ પ્રેરક રૂપકો, હાસ્યાત્મક રૂપકો સાથે અનેક રાસ - નૃત્યો સભર સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા. સૌને મહાપૂજા, નીલકંઠવર્ણીનો અભિષેકનો લાહવો પ્રાપ્ત થયો. સેમિનારમાં જોડાયેલા ભક્તજનોને હિંદુ ધર્મની સવિશેષ માહિતી પ્રાપ્ત થાય તે માટે નાનકડી પુસ્તિકા ભેટ આપવામાં આવી.

૨૦૧૦

૨૦૧૦ની શરૂઆત થઈ. સૌના હૈયામાં અનેખી રીતે સેમિનાર ઉજવવાની ઈચ્છા હતી. લંડન ખાતે ગુરુકુલ પરિવારના કાર્યકર્તા ભાઈ-બહેનોએ મીટીંગ કરીને ચર્ચા વિચારણા કરી. **'My Home is My Temple'** સેમિનારની થીમ નક્કી કરવામાં આવી. આ થીમને આધારે તમામ કાર્યક્રમોનું આયોજન થયું. બહેનો ભક્તોએ સભામંડપની બહારની માર્કીમાં સુશોભનો કર્યા. સુંદર સિંહાસન, સંસ્થાની પ્રવૃત્તિના ફોટાની સાથે 'પોતાના ઘરને મંદિરની જેમ સત્સંગ અને સંસ્કારથી કેવી રીતે શોભાવી શકાય ?' તેના ઉપાયો દર્શાવતું કલાકૃતિ સભર પ્રદર્શન રજુ કર્યું હતું.

તારીખ ૯ થી ૧૧ જુલાઈ દરમમિયાન યોજાયેલ આ સેમિનારમાં પૂજ્ય સ્વામીજીની સંગાથે વાત્સલ્યમૂર્તિ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી પણ પધાર્યા હતા. ધામધૂમથી સેમિનારના એક એક પ્રસંગો પસાર થતા હતા. પૂજ્ય સ્વામીજી સૌ ભક્તોને પોતાના ઘરની સાથો સાથ હૃદયને પણ મંદિર તુલ્ય બનાવવાના ઉપાયો સમજાવતા અને પ્રયોગ પણ કરાવતા.

આ સેમિનારના મધ્યભાગમાં લંડનના મેયર ઉપરાંત શ્રી ટોની મેકનલ્ટી તથા શ્રી બેરી ગાર્ડનર જેવા પાર્લામેન્ટના સભ્યો તથા યોગઋષિ શ્રી રામદેવજી મહારાજે પધારીને પોતાના હૃદયનો આનંદ વ્યક્ત કર્યો હતો.

આ સેમિનારમાં પૂજ્ય સ્વામીજી દ્વારા લિખિત 'હનુમંત ચરિત્ર' ગ્રંથ અર્પણ કરવામાં આવ્યો, કૈલાશ-માનસરોવરની યાત્રા પૂર્ણ કરીને પધારેલા ભક્તજનોનું બહુમાન કરવામાં આવ્યું, યુવાનોએ સુંદર રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યો. આમ વિવિધ આયોજનોથી ભરપૂર સેમિનારની પૂર્ણાહુતિ થઈ.

૨૦૧૧

હવે સૌના હૃદયમાં હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું અનોખું આકર્ષણ સર્જાયું હતું. તારીખ ૨૨ થી ૨૪ જુલાઈ, ૨૦૧૧માં **'Peace of Mind'** વિષયને આધારે સેમિનારનું આયોજન થયું.

પૂજ્ય સ્વામીજીએ મનની સાચી શાંતિ મેળવવાના ઉપાયમાં ભગવાનના નામનો જપ અને ધ્યાન કરવાની શાસ્ત્રીય રીતિ દર્શાવતું પ્રેક્ટિકલ કરાવ્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય મૂર્તિના તિલ-ચિહ્નની સમજુતિ પાઠવી. યુવાન સંતોએ પણ વચનામૃત, શિક્ષાપત્રી અને ભાગવતાદિક શાસ્ત્રોને આધારે મનને સાચી શાંતિ પ્રાપ્ત કરવાની રીતિ પ્રેઝન્ટેશનના માધ્યમથી દર્શાવી. યુવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો. લંડન સ્થિત મહિલા મંડળના બહેનો દ્વારા હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારની હારમાળામાં સૌ પ્રથમવાર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

૨૦૧૨

દર વર્ષની જેમ તારીખ ૨૦ થી ૨૨ જુલાઈ, ૨૦૧૨ દરમિયાન **'Way of Life'** વિષયને આધારે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. પૂજ્ય સ્વામીજીએ પ્રેરણાદાયક કથાનો લાભ આપ્યો હતો. વિવિધ આયોજનો અને કાર્યક્રમોથી ભરપૂર આ સેમિનારામાં ચાણક્ય નિતીના વિદ્વાન ડૉ. રાધાકૃષ્ણ પિલ્લય ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ચાણક્યની વિચારધારાને વર્તમાન સમયને અનુરૂપ રજૂ કરી હતી.

૨૦૧૩

તારીખ ૫ થી ૭ જુલાઇ, ૨૦૧૩ દરમિયાન યોજાએલ સેમિનાર પણ **'Way of Life'** ને આધારે યોજાયો. સૌને જીવનનો માર્ગ બતાવતા પૂજ્ય સ્વામીજીએ શાસ્ત્રીય રહસ્યોનું ઉદ્‌ઘાટન કરતાં સૌ ભક્તજનોને ગૃહસ્થોના ઘરે થનારા પાંચ યજ્ઞોની વાત કરી હતી.

આ પ્રસંગે પધારેલા પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ સૌ ભક્તજનોને મહારાજના ચરિત્રોનું શ્રવણ કરાવ્યું હતું. ઉપરાંત આણદાબાવા આશ્રમ - જામનગરના મહંત પૂજ્ય શ્રી દેવપ્રસાદજી મહારાજે પધારીને સૌ ભક્તજનોને મંગલ આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે સ્વયંસેવકોએ નીલકંઠવર્ણીની સાત વર્ષની તીર્થયાત્રાનું દર્શન કરાવતું પ્રદર્શન રજુ કર્યું હતું. મહિલા મંડળના બહેનોએ હનુમાનજી, ગણપતિજી તથા ભારતીય સંસ્કૃતિને રજૂ કરનારા સુંદર કાર્યક્રમો રજૂ કર્યા હતા.

૨૦૧૪

ઈ.સં. ૨૦૧૪ દરમિયાન લંડન પાર્લામેન્ટ ભવનમાં વોટર બ્લેસીંગ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂજ્ય સ્વામીજી સાથે પરમાર્થ નિકેતન-ઋષિકેશના અધ્યક્ષ શ્રી સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીજી (મુનિજી મહારાજ), ડિવાઈન શક્તિ ફાઉન્ડેશનના અધ્યક્ષ સાધ્વી ભગવતીજી, જેમ્સ હોર્ટોન (પીઆરબીએ), લાઈક ટીડનેમ (આરબીએ), સ્ટુર્જીસ ટ્રેવોર, રવિન્દર કાલસી, અસીફ ખાન (એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર યુબીએસ), અરૂણ ઠાકુર (એનસીએચટી), કિરણ બાલી (ચીફ રબાઈના પ્રતિનિધી), ડૉ. મહેન્દોઈ બિદોઈ (મહારાષ્ટ્રીયન સમાજ), મોન્ટી (નેપાલ સમાજ), નરેન્દ્રભાઈ ઠકરાર (સનાતન મંદિર, વેમ્બલી), ઉમેશચંદ્ર શર્મા (શ્રી રામ મંદિર, સાઉથોલ), સુદર્શન કુમાર ભાટીયા (વિશ્વ હિંદુ મંદિર, સાઉથોલ), રમણભાઈ બાર્બર (સનાતન મંદિર, લેસ્ટર), શેર અલ્લી લાખાણી (આગાખાન અગ્રણી), ભરતભાઈ શાહ (સીગ્મા ફાર્મસી), કે.વરસાણી (આફ્રિકા), રામજીભાઈ વેકરીયા (નાઈરોબી) વગેરે ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ ધર્મના ધર્માચાર્યો તથા લોક પ્રતિષ્ઠિત આગેવાનોએ તેમાં ભાગ લીધો હતો.

તારીખ ૫ થી ૭ જુલાઈ દરમિયાન યોજાયેલ હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારમાં શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતા કથાનું આયોજન કરવામાં આવ્યું. આ કથામાં પૂજ્ય સ્વામીજીએ વ્યાસાસને બિરાજીને ગીતાજીના સુંદર રહસ્યોનું રસપાન કરાવ્યું હતું. સેમિનાર દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ, પ્રદર્શન, કથા પ્રવચનો તથા સંતોના વ્યાખ્યાનો ગીતાજીને આધારે જ રજૂ કરવામાં આવ્યા હતા.

૨૦૧૫

તારીખ ૧૦ થી ૧૨ જુલાઇ, ૨૦૧૫ દરમિયાન **'Source of Wisdom'** વિષયને આધારે હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાનના અનેક માર્ગોને આધારે વચનામૃત દ્વારા રજૂ થયેલા માર્ગને સરળ અને સુગમ માર્ગ તરીકે વર્ણવીને પૂજ્ય સ્વામીજીએ જ્ઞાનની સમજણ આપી હતી. આ સેમિનારમાં બહેનો ભક્તોએ દાદાખાચરના દરબારમાં કથાવાર્તાનું શ્રવણ કરાવતાં શ્રીજી મહારાજનું સુંદર દૃશ્ય પ્રદર્શનમાં તૈયાર કર્યું હતું.

૨૦૧૬

૨૦૧૬ દરમિયાન સૌ જીવાત્માઓને ભગવાનના દરબારમાં આહ્વાન કરતાં હોય તે રીતે 'ચાલો, આપણે ઘેર...' વિષયને આધારે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાઈ-બહેનો દ્વારા સૌને સદ્‌માર્ગે ચાલવાની પ્રેરણા પ્રાપ્ત થાય તેવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. પૂજ્ય સ્વામીજીએ જીવાત્માને માયાના બંધનોમાંથી મુક્ત થઈ પરમાત્માના ધામ સુધી પહોંચવાનો માર્ગ દર્શાવતો ઉપદેશ પાઠવ્યો હતો.

આ સેમિનાર સાથે જ તારીખ ૨૮ જૂન થી ૨ જુલાઇ, ૨૦૧૭ દરમિયાન ઉજવાનાર હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારને દશાબ્દી મહોત્સવ રૂપે ઉજવવાનું આયોજન જાહેર કરવામાં આવ્યું. દશાબ્દી મહોત્સવની જાહેરાતથી સૌના હૈયામાં ઉત્સાહની લહેર વ્યાપી ગઈ હતી.

દશાબ્દી મહોત્સવની પૂર્વતૈયારી

હવે હિન્દુ લાઈફ સેમિનારનો દશાબ્દી મહોત્સવ ઉજવવાનો હતો. યુરોપ જેવા વ્યસ્ત દેશમાં પૂર્વતૈયારીનું કામ દાદ માગી લે તેવું હતું. પરંતુ શ્રીહરિની કૃપા અને પૂજ્ય સ્વામીજીના આશીર્વાદ સાથે સંતો તથા વડીલ ભક્તજનોના માર્ગદર્શન પ્રમાણે ગુરુકુલ પરિવાર યુ.કે.ના ભાઈઓ-બહેનો સેવામાં જોડાઈ ગયા.

આમંત્રણ પાઠવવા, ધર્માચાર્યો-મહાનુભાવોને મહોત્સવમાં લાવવા અગાઉથી તારીખો લેવી, સરકારી પરવાનગીઓ લેવી, ભારતથી સામાન મગાવવો જેવા અનેક સેવાકાર્યો સ્વયંસેવકોએ ઉપાડી લીધા.

દશાબ્દી મહોત્સવમાં સૌથી કપરું કામ યજ્ઞશાળા તૈયાર કરવાનું હતું. પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીની ઇચ્છા હતી કે યજ્ઞશાળાનું નિર્માણ સંપૂર્ણ વૈદિક વિધિ પ્રમાણે જ થાય. પરાયો દેશ, સાધન-સામગ્રીનો અભાવ અને સરકારી પરવાનગીની માથાકુટ વચ્ચે ૫૫ કુંડીની યજ્ઞશાળાનું નિર્માણ કરવું તે ભારે જહેમત માગી લે તે સ્વાભાવીક છે. પરંતુ ભક્તજનોના ઉત્સાહ સામે એ તમામ અડચણો પરાજિત થઈ અને યજ્ઞશાળાનું નિર્માણ ચાલું થયું.

હવે પ્રશ્ન સમયનો આવ્યો. નોકરી-ધંધો કરનારા સ્વયંસેવકોને પૂર્વતૈયારી માટે પૂરતો સમય નહોતો મળતો. સહુએ નક્કી કર્યું, છેલ્લા બે વીક નોકરી-ધંધામાંથી રજાઓ લેવી. રાત્રિ-દિવસ શરીર સામે જોયા વિના સેવાઓ કરવી અને મહારાજ તથા સંતોને રાજી કરવા. વિદેશની ધરતી ઉપર જો કોઈ મોટામાં મોટું યોગદાન હોય તો તે છે 'સમયદાન.'

આમ મહોત્સવ નજીક આવતા ગુરુકુલ પરિવારના ભાઈઓ-બહેનો સેવામાં લાગી ગયા. ૧૮ સંતો અને દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય રામપ્રિયજી, લક્ષ્મીનારાયણજી તથા ચિંતન જોષી, યોગેશ પંડ્યા, જ્વલંત મહેતા, વશિષ્ઠ પંડ્યા વગેરે ઋષિકુમારો પણ ભારતથી લંડન પધાર્યા. મહોત્સવની પૂર્વતૈયારીનો ધમધમાટ ચાલ્યો. વિદેશમાં ઉછરેલા યુવાન દીકરા-દીકરીઓ પણ યજ્ઞકુંડના નિર્માણકાર્યમાં ગાર-માટી ખૂંદવા લાગ્યા. ક્યારેય ગાયનું છાણ, ગૌમુત્ર અને ગારાને ન અડનારા કેડ સુધીના ખામણા ખૂંદવા લાગ્યા.

એક બાજુ ગારો તૈયાર થાય, બીજી બાજુ યુવાન બહેનો અને યુવાનો યજ્ઞકુંડોનું નિર્માણ કરવા લાગ્યા. કુંડો તૈયાર થાયા એટલે એના ઉપર લીપણકાર્ય શરું થાયું. લીપણ પૂરું થયું એટલે રંગકામ અને રંગોળીઓ પૂરાવા લાગી.

આમ થોડા જ દિવસોમાં યજ્ઞશાળાનું નિર્માણ પુરું થયું. વિદેશમાં લગભગ આ રીતનો યજ્ઞ કે આ રીતની યજ્ઞશાળા પહેલીવાર નિર્માણ પામી હતી. તેથી યજ્ઞશાળાના જે કોઈ દર્શન કરતા એમનું અંતર આનંદથી ઉભરાઈ જતું હતું.

સ્વયંસેવકો ઉપર સંતોના આશીર્વાદના ધોધ વછૂટતા હતા અને ભક્તો એ આશીર્વાદ મેળવી પોતાની જાતને ધન્ય સમજતા હતા. આ ઉપરાંત ઉત્સવ દરમિયાન સ્ટેજ ડેકોરેશન, પાર્કીંગ, સભા વ્યવસ્થા, સ્વાગતકક્ષ, રસોઈ વગેરે વિભાગોમાં પણ ભાઈ-બહેનો રાત્રિ-દિવસ જોડાઈ ગયા.

આ સેવામાં મોશીથી ખાસ કીશન રવજીભાઈ વરસાણીએ ઉપસ્થિત રહી રાત્રિ-દિવસ સેવાઓ કરી હતી.

ધ્વજારોહણ

વિદેશની ધરતી ઉપર ગુરુકુલ પરિવાર દ્વારા આટલા મોટા પાયે પ્રથમ મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો. મહોત્સવ નિર્વિઘ્ન પૂર્ણ થાય તેવા હેતુથી ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રાર્થના સ્વરૂપે યજ્ઞશાળાની ભૂમિમાં ધ્વજારોહણ કરવામાં આવ્યું. તારીખ ૨૫ જૂન, રથયાત્રા તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની જન્મજયંતીના રોજ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, યજમાનશ્રીઓ તથા અન્ય ભક્તજનોની ઉપસ્થિતિમાં ધ્વજારોહણ થયું અને મહોત્સવના પડઘમ વાગવા લાગ્યા.

શોભાયાત્રા

તારીખ ૨૮ જૂન, મહોત્સવનો પ્રથમ દિવસ. આજ રોજ મહોત્સવના પ્રારંભે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના યજમાનશ્રીઓ તથા સંહિતાપાઠના યજમાનશ્રીઓના ઘરેથી વાજતેગાજતે પોથીજી મહોત્સવ સ્થળે પધાર્યા. ત્યારબાદ સંતો તથા ભક્તજનો કીર્તન-ધૂન તથા ઢોલના તાલે નાચતા-આનંદ કરતા સભામંડપ પધાર્યા હતા.

મહોત્સવ ઉદ્‌ઘાટન

પોથીયાત્રા સભામંડપ પધારતા સદ્‌ગુરુ સંતો અને મહાનુભાવોના હસ્તે દ્વારપૂજન અને ઉદ્‌ઘાટન થયું. પોથીજીને વ્યાસાસને બિરાજમાન કર્યા, દીપપ્રાગટ્ય દ્વારા મહોત્સવનો પ્રારંભ કરાયો. જેમાં સંતોની સાથે શશીભાઈ વેકરીયા, રામજીભાઈ દેવશી વેકરીયા(નાઈરોબી), કાનજીભાઈ કે.વરસાણી(નાઈરોબી), લક્ષ્મણભાઈ રાઘવાણી(નાઈરોબી), લક્ષ્મણભાઈ હાલાઈ(કંપાલા), હરિભાઈ હાલાઈ, રવજીભાઈ હિરાણી, ગોવિંદભાઈ કેરાઈ, ગોવિંદભાઈ રાઘવાણી, ઘનશ્યામભાઈ પટેલ(નાર), નારાયણભાઈ રાઘવાણી(લક્ષકોન), રામપ્રિયજી, વગેરે ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ મંગલ આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે, અનંત જન્મોના પુન્ય ઉદય થાય છે ત્યારે આવો લાભ મળે છે. વિદેશમાં આવા પ્રસંગો દુર્લભ હોય છે.

આ પ્રસંગે પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, આપ સહુ ભક્તજનોને હૃદયથી ધન્યવાદ છે. તમે રાત્રિ-દિવસ જોયા સિવાય મહોત્સવની સુંદર પૂર્વતૈયારી કરી છે. તમે ભગવાન શ્રીહરિ તથા સંતોની કૃપાના પાત્ર બન્યા છો.

કથાના પ્રારંભે વક્તાશ્રી પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, ઇંગ્લેન્ડની ધરતી ઉપર કથાની સાથોસાથ ૫૫ કુંડી યજ્ઞ યોજાઈ રહ્યો છે. વિશેષમાં આ યજ્ઞમાં ઇંગ્લેન્ડમાં તાજેતરમાં જ જે આતંકવાદી હુમલા થયા તથા બિલ્ડીંગમાં આગ લાગવાના પ્રસંગ બન્યા તેમાં દિવગંત થયેલા લોકોના આત્માઓને ભગવાન શાંતિ આપે તેવી પ્રાર્થના કરવામાં આવશે. મહોત્સવના આરંભે સારંગપુર મંદિરના કોઠારી પૂજ્ય હરિપ્રકાશદાસજી સ્વામીએ ખાસ ઉપસ્થિત રહી શુભકામનાઓ પાઠવી હતી.

પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી યુ.કે. ખાતે ગુરુકુલ પરિવારના ભાઈઓ ખૂબ સારી બાલ-યુવા વિકાસ પ્રવૃત્તિઓ ચલાવે છે. એ બાલ-યુવા પ્રવૃત્તિ અંતર્ગત દરવર્ષે સેમિનારા દરમિયાન બાલ-બાલિકાઓ, યુવાનો, યુવતીઓ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરે છે. દશાબ્દી મહોત્સવ પ્રસંગે યુવામંચમાં બાળકો તથા યુવાનોએ રંગારંગ કાર્યક્રમ, રૂપકો, નાટકો રજુ કર્યા હતા. તેમજ બાલિકાઓ તથા યુવતીઓએ બાલકૃષ્ણની નટખટ લીલાઓને સ્ટેજ ઉપર રજુ કરી હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમને નિહાળી ભક્તજનોએ ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

યજ્ઞ પૂર્વે દેહશુદ્ધિ

વૈદિક પરંપરાનુસાર યજ્ઞારંભ પૂર્વે દેહશુદ્ધિ કર્યા બાદ હોમ કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. માટે યજ્ઞની પૂર્વ સંધ્યાએ યજ્ઞમાં બેસનારા ભક્તજનોને આચાર્યશ્રી રામપ્રિયજી તથા લક્ષ્મીનારાયણજીએ દેહશુદ્ધિ કરાવી હતી. પંચગવ્ય તથા વિવિધ ઔષધિઓથી સ્નાન વિદેશમાં વસનારા ભક્તજનો માટે પહેલો અનુભવ હતો.

૫૫ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ

તારીખ ૨ જુલાઈના રોજ ઈંગ્લેન્ડની ધરતી ઉપર થયેલ ૫૫ કુંડી મહાવિષ્ણુયાગનું આયોજન એક ઐતિહાસિક ઘટના હતી. સંતો અને દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના પવિત્ર વિદ્વાન વિપ્રોના સાનિધ્યમાં આ મહાવિષ્ણુયાગ સંપન્ન થયો, જે સર્વ કોઈ માટે યાદગાર બન્યો.

યજ્ઞના આરંભે વૈદિક વિધિ અનુસાર અરણીકાષ્ટનું મંથન કરી અગ્નિદેવને પ્રગટ કરવામાં આવ્યા હતા. અરણીમંથનનું દ્રશ્ય સર્વ માટે અદ્‌ભૂત હતું. સવારથી સાંજ સુધી ચાલેલા આ મહાવિષ્ણુયાગમાં પરમાત્માને દસ લાખ આહુતિઓ અર્પણ કરી હતી. લંડન ઉપરાંત ઈસ્ટ લંડન, વુલ્વીચ, સાઉથ એન્ડ સી, લ્યુટન, નોર્ધમ્ટન, લેસ્ટર, ઓલ્ડહામ, બોલ્ટન, કાર્ડીફ વગેરે અનેક સ્થળેથી સેંકડો ભક્તજનો યજ્ઞના દર્શન માટે આવ્યા હતા. દરેક ભક્તો યજ્ઞ દર્શન તેમજ ભોજનરૂપી પ્રસાદ પ્રાપ્ત કરીને ધન્યભાગી બન્યા હતા.

અરણીમંથન

મહાવિષ્ણુયાગ



કૃષ્ણજન્મોત્સવ તથા અન્નકૂટોત્સવ

મહોત્સવ દરમિયાન પૂજ્ય સ્વામીજીએ શ્રીમદ્ ભાગવતની કથાનું રસપાન કરાવ્યું હતું. કથા દરમિયાન કૃષ્ણજન્મોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવ્યો હતો. મહોત્સવના તૃતીય દિવસે ધામધૂમથી અન્નકૂટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ભગવાન આગળ ધરાવવામાં આવેલ વિશાળ અન્નકૂટમાં અનેક વિવિધ પકવાનો ધરાવવામાં આવ્યા હતા. આ બધા જ પકવાનો મહિલાભક્તો ઘરેથી બનાવીને લઈ આવ્યા હતા. આજ રોજ ઈન્ડીયન હાઈ કમીશનના મીનીસ્ટર શ્રી એ. એસ. રાજન તથા કચ્છી લેવા પટેલ સમાજના સર્વ અગ્રણીઓ મહોત્સવના દર્શન કરવા માટે પધાર્યા હતા અને વ્યાસપૂજન કરી કથાશ્રવણનો લાભ લીધો હતો. પૂજ્ય સ્વામીજીએ મહોત્સવ દરમિયાન સમાજના તમામ આગેવાનો તરફથી મળેલ સાથ-સહકાર બદલ તેઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

(ધીરુભાઈ વેકરીયા, લક્ષ્મણભાઈ કેરાઈ, વિનોદભાઈ હાલાઈ, રવીભાઈ પટેલ, કીરણભાઈ પીંડોરીયા, કાનજીભાઈ હિરાણી, પ્રેમજીભાઈ વરસાણી, રાજેશભાઈ વેકરીયા, એ.એસ. રાજન (હાઈ કમીશન મિનીસ્ટર, ઈન્ડીયા), શશીભાઈ વેકરીયા, માવજીભાઈ (એસ.કે.એલ.પી. સમાજના પ્રમુખ), સુર્યકાંતભાઈ વરસાણી.)

સર્વ ધર્મ સભા

વિશ્વમાં અનેક મહાન ધર્મો છે. સમાજમાં દરેક ધર્મોનું પ્રદાન ખૂબ જ મહત્વનું છે. તમામ ધર્મો વચ્ચે સામ્યતા જળવાય તેવા હેતુથી મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે પૂજ્ય સ્વામીજીની અધ્યાક્ષતામાં સર્વ ધર્મ સભાનું આયોજન થયું હતું. આ સભામાં ઈસ્કોન મંદિરથી શ્રુતિધર્મદાસજી, પ્રાણબંધુદાસજી, સ્ટીવન ડર્બી (યહુદી ધર્મગુરુ), જલારામ મંદિરથી પ્રકાશ ગંડેચા, સિદ્ધાશ્રમથી ડૉ. રાજેશ ગુરુજી, ડૉ. સતીશ શર્મા (જનરલ સેક્રેટરી ઓફ નેશનલ કાઉન્સીલ ઓઈ હિન્દુ ટેમ્પલ), ડૉ. એમ.એન. નંદકુમાર (ભારતીય વિદ્યાભવન, લંડન), ડૉ. લક્ષ્મીબેન વ્યાસ (પ્રેસીડેન્ટ હીન્દુફોરમ-યુરોપ), વગેરે ધર્મગુરુઓ તથા સ્ટીવન પાઉન્ડ (એમ.પી.), લોર્ડ ડોલર પોપટ (હાઉસ ઓફ લોર્ડ), ભીમજી વેકરીયા (પોલીસ ઓફીસર-સ્કોટલેન્ડ યાર્ડ), નવીન શાહ (એસેમ્બ્લી મેમ્બર, લંડન), સી.બી. પટેલ (તંત્રીશ્રી ગુજરાત સમાચાર, લંડન), મનજી કારા, અજય મારુ, કૃપેશ હિરાણી, હિતેશ ટેઈલર, તરીક મહમદ, અમીત જોગીયા વગેરે કાઉન્સેલર, ઉપરાંત મેયર ભગવાનજી ચૌહાણ, રેખાબેન શાહ (પાસ્ટ મેયર-હેરો), શ્રીરામ વૈદ્ય(આર.એસ.એસ.), દીપક જોષી (તંત્રી, ગુજરાત મેટ્રો) ડૉ. આઈ.પી. પટેલ(બાપ્સ) વગેરે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ ધર્મમંચ ઉપરથી પોતપોતાના વિચારો રજૂ કર્યા હતા. ધર્મસભાનું તમામ આયોજન તથા સંચાલન ગુરુકુલ પરિવારના સેવક શ્રી વેલજીભાઈ વેકરીયાએ કર્યું હતું.

યજમાનોને આશીર્વાદ

ધર્મસભાની પૂર્ણાહુતિ સમયે સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ, યજમાનોનું સન્માન તથા શ્રીહરિની આરતી સાથે મહોત્સવની પણ પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. એ સાથે લંડનની ધરતી ઉપર ભવિષ્યમાં આનાથી પણ મોટા મહોત્સવો ઉજવાય એવી શુભકામનાઓના વરસાદ સાથે ગુરુકુલ પરિવાર દ્વારા યોજાયેલ પ્રથમ મહામહોત્સવ પૂરો થયો હતો. આ હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારની હારમાળાને અવિરત ધપાવવા પાછળ અનેક ભાઈ-બહેનોનું સંમપર્ણ રહ્યું છે. એ તમામ યજમાનશ્રીઓને પૂજ્ય સંતોએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા. તથા આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર અને સેવક અ.નિ. શ્રી કે.એમ. વરસાણીને વિશેષ સ્મરણાંજલી અર્પણ કરી હતી.

શિવજીભાઈ જેસાણી, લક્ષ્મણભાઈ હાલાઇ, રજનીભાઈ કે. વરસાણી, મિતેશભાઈ વેકરીયા, ભલુભાઈ વેકરીયા, શશીભાઈ વેકરીયા, ગોવિંદભાઈ કેરાઇ, ડૉ. વિજયભાઈ ધડુક, ગુણવંતભાઈ હાલાઇ, શામજીભાઈ વેકરીયા(ઈષ્ટ લંડન ટેમ્પલ પ્રમુખ), કે. વરસાણી (નાઇરોબી), પ્રવીણભાઈ શાહ, ઘનશ્યામભાઈ પટેલ(નાર), રવજીભાઈ હિરાણી, હરિભાઈ હાલાઇ, કિશોરભાઈ કે. વરસાણી, ગોવિંદભાઈ રાઘવાણી, માવજીભાઈ હાલાઇ તથા જય, સચિન, દીલન અને પ્રતુલ વગેરે ભક્તોને સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા.

સમગ્ર મહોત્સવમાં તન-મન-ધનથી સેવા કરનારા ગુરુકુલ પરિવાર યુ.કે.ના સમર્પિત યુવાનોને આશીર્વાદ પાઠવ્યા હતા.

આર્થિક સહાય

મહોત્સવ પ્રસંગે ગુરુકુલ પરિવાર યુ.કે. તરફથી પૂજ્ય સ્વામીજીના હસ્તે લંડનની સેવાભાવી સંસ્થા સેન્ટ લુઇસ હોસ્પીટલને ૧૧,૦૦૦ પાઉન્ડનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. હોસ્પીટલ વતી રમેશભાઈ ભંડેરી, સુશીલ રાડીયા વગેરેએ ચેકનો સ્વીકાર કર્યો હતો.



ગુરુપૂર્ણિમા મહોત્સવ

ભવસાગરમાંથી બાય ગ્રહી ઉગારી લેનારા, સામાન્ય પામર જેવા જીવને સૂર્ય જેવો બનાવી દેનાર ગુરુનું પૂજન કરવાનો દિવસ એટલે ગુરુપૂર્ણિમા મહોત્સવ. આ મહોત્સવ ભારતવર્ષનો અતિ મહત્ત્વનો ઉત્સવ છે. ૯ જૂલાઈના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) છારોડી ખાતે અનેરા ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવ પૂર્ણ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવ્યો.

ગુરુમહિમાના કીર્તનગાન તથા ગુરુણામ્‌ગુરુ ભગવાન શ્રીહરિના પૂજન સાથે ઉત્સવનો પ્રારંભ થયો. ત્યારબાદ સદ્‌ગુરુ સંતોએ વૈદિક વિધિથી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા અખંડ ભગવદ્ પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીની પ્રતિમાનું ભાવપૂજન કર્યું હતું.

આજરોજ ગુરુ પૂજનના પ્રારંભે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ પ્રથમ પૂજન પૂજ્ય પુરાણી સ્વામીનું કરાવ્યું ત્યારે સભામાં ઉપસ્થિત સહુ ભક્તજનોની આંખો ભીની થઈ હતા. ત્યાર બાદ પૂજ્ય સ્વામીજીનું પૂજન પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી, અન્ય સંતો, ગુરુકુલના ટ્રસ્ટીઓ તથા મહાનુભાવોએ કર્યું હતું. સર્વે સંતોના પૂજન બાદ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના મંગલ આશીર્વાદનું શ્રવણ કરવામાં આવ્યું. ગુરુકુલના વિદ્યાર્થીઓએ ગુરુભક્તિ પ્રગટ કરતું નૃત્ય તથા નાટક રજુ કરી સહુને ગુરુભક્તિના રંગે રંગ્યા હતા. સદ્‌ગુરુ પૂજન માટે પધારેલા દરેક ભક્તજનોએ પૂજ્ય સંતોના કંઠમાં વિવિધ હાર પહેરાવી પોતાના હૃદયની ભાવના પ્રગટ કરી હતી.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ શુભાશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે "ગુરુનું સાનિધ્ય દિવ્ય હોય છે. એમની છત્રછાયામાં આશરો લેનાર પામર જીવ પરમપદનો અધિકારી બને છે. ગુરુએ ચીંધેલા માર્ગે ચાલવાથી આ ભવસાગર તરવો ખૂબ સરળ બની જાય છે." આ ઉપરાંત પરમ પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ પણ સહુ ભક્તજનોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ગુરુકુલના સર્વે ટ્રસ્ટીઓ તથા મુંબઈ, સુરત, રાજકોટ, ઉના, ભૂજ, વડોદરા, અંકલેશ્વર, અમદાવાદ વગેરે સ્થાનોથી ગુરુકુલ પરિવારના ભક્તજનો ગુરુપૂજન માટે ઉપસ્થિત રહ્યા હતા.

દશાબ્દી રથયાત્રા મહોત્સવ

અષાઢ સુદ બીજ એટલે ભારતવર્ષનો અતિ મહત્વનો ઉત્સવનો દિવસ. આજે ઠેર ઠેર ભગવાન સ્વયં ભક્તોને દર્શન આપવા નગરયાત્રાએ નીકળે અને ભક્તો ભાવથી ભગવાનનું સ્વાગત કરે. એ જ રીતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-મેમનગર, અમદાવાદ દ્વારા પણ છેલ્લા દસ વર્ષથી રથયાત્રા મહોત્સવ ઉજવવામાં આવે છે. અત્રે પ્રાર્થના ભવનમાં બિરાજમાન ભગવાન જગન્નાથજી, બલરામજી તથા સુભદ્રાદેવી ભવ્ય રથમાં બેસી નગરયાત્રાએ નીકળે છે. જેમાં આ વર્ષે પણ તારીખ ૨૫ જુનના રોજ રથયાત્રાની દશાબ્દી ઉજવવામાં આવી હતી.

રથયાત્રા મુખ્યત્વે ભાઈ-બહેનના પ્રેમનું પ્રતિક છે. ભગવાન કૃષ્ણ અને બળદેવજી બહેન સુભદ્રાજી સાથે નગરચર્યા માટે નિકળે છે. ત્યારે રથયાત્રાના પ્રારંભે ૧૦૮ બહેનો દ્વારા ભગવાનનું વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું અને કૃષ્ણ-બળદેવજીને બહેનોએ રાખડી બાંધી હતી. ત્યારબાદ પૂજ્ય સંતોની ઉપસ્થિતિમાં પ્રાર્થના ભવનમાં વૈદિક વિધિ સાથે ભગવાન જગન્નાથજીનું પૂજન કરવામાં આવ્યું. પૂજન પૂર્ણ થતાંની સાથે સંતો, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ઉપસ્થિત મહાનુભાવોએ રથમાં બિરાજમાન ભગવાન શ્રી જગન્નાથજીનું પૂજન કરીને માર્ગ માર્જન કરીને રથનું પ્રસ્થાન કરાવ્યું હતું.

આ રથયાત્રાની વિશિષ્ટતા એ હતી કે ભગવાન જગન્નાથજીની સાથે ભગવાનના રામ, કૃષ્ણ, તિરૂપતિ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ વગેરે દસ સ્વરૂપોના દસ રથોનો સમાવેશ કરવામાં આવ્યા હતા. નગરયાત્રા દરમિયાન ભગવાને અનેક ભક્તો દ્વારા થતી સેવા-પૂજાનો સ્વીકાર કરતા થકા વિહાર કર્યો હતો. રથમાં બિરાજમાન ભગવાનને વધાવવા માટે અનેક વિસ્તારોના ભાવિકોએ આરતી, પુષ્પહાર, પ્રસાદ તથા વિવિધ પ્રકારની સામગ્રી દ્વારા ભગવાનનું પૂજન કર્યું હતું. વિવિધ વિસ્તારના ભાવિકોએ વિવિધ પ્રકારના અલ્પાહાર તથા પેય સામગ્રીઓ દ્વારા રથયાત્રામાં જોડાયેલા ભક્તજનોની સેવા કરી હતી. રથયાત્રાની સાથે સાથે વ્યસનમુક્તિ, વૃક્ષારોપણ, આયુર્વેદ, સફાઈ અભિયાન વગેરેને લગતા ફલોટ્સ પણ રાખવામાં આવ્યા હતા. રથયાત્રાની સાથે સાથે યુવાનો તથા વિદ્યાર્થીઓ માર્ગની સફાઈ પણ કરતા જતા હતા. આ રથયાત્રાને વિશેષ સુશોભિત કરવા સંતોના માર્ગદર્શન પ્રમાણે ભક્તજનોએ છેલ્લા દસ દિવસ ખૂબ સેવાઓ કરી હતી. ભક્તજનોને પ્રસાદ વિતરણની સેવામાં તથા અન્ય વ્યવસ્થામાં પણ વિવિધ ધાર્મિક તથા સામાજીક સંસ્થાઓએ સેવાનો લાભ લીધો હતો.

નગર વિહાર કરીને ગુરુકુલના પ્રાંગણમાં પધારેલા ઠાકોરજીને સંતો-ભક્તોએ આરતી તથા પૂજન દ્વારા વધાવ્યા હતા. આ જ દિવસે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનો જન્મદિન હોવાથી પૂજ્ય ગુરુદેવનું વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે અખંડ ધૂન તથા વિદ્યાર્થીઓ દ્વારા સવિશેષ ભજન પણ થયું હતું. આ પ્રસંગે અનેક ભક્તોએ તન-મન-ધનથી ખૂબ જ સેવાઓ કરી હતી.

ગુરુકુલમાં ચાતુર્માસની ઉજવણી

આપણા શાસ્ત્રોમાં ચાતુર્માસ દરમિયાન વિશેષ તપ-જપના નિયમો ગ્રહણ કરવાની આજ્ઞા છે. એમાં પણ આપણા સંપ્રદાયમાં સંતો - ભક્તો ભજન અને તપ કરી ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવાના ઉપાય કરતા હોય છે. જ્યારે ગુરુકુલમાં તો ભજન અને તપની સરવાણીઓ વહે છે. આ ચાતુર્માસના પ્રારંભે સંતો તથા વિદ્યાર્થીઓ દ્વારા લેવાયેલ નિયમ તપ-ભજનની યાદી અત્રે રજુ કરી છે.

સંત - પાર્ષદો		અમદાવાદ ગુરુકુલના વિદ્યાર્થીઓ		ધર્મજીવન હોસ્ટેલ (સમૂહમાં નિયમ)	
શિશુ ચાંદ્રાયણ	-૧૧	ધારણા પારણા	-૧૦૦	પ્રદક્ષિણા	- ૧,૨૫,૦૦૦
ધારણા પારણ	-૧૫	એકટાણા	-૧૫	દંડવત્	- ૧,૨૫,૦૦૦
ઋષિ ચાંદ્રાયણ	-૦૧	ચાંદ્રાયણ	- ૦૩	અખંડધૂન	- ૧૨ કલાક
પીપીલિકા ચાંદ્રાયણ	-૦૧	મંત્રજાપ	-૧૧ કરોડ	પદયાત્રા	- કાલુપૂર સ્વામિનારાયણ મંદિર
ફલાહાર	-૦૩	૧૦૮ કલાકના ઉપવાસ	- ૨૫	ઉપવાસ	- એકાદશી ઉપવાસ

દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારો

શિશુ ચાંદ્રાયણ	-	૪૨	પાદકૃચ્છ વ્રત	-	૧૭
દંડ ચાંદ્રાયણ	-	૦૧	માસિક પંચોપવાસ	-	૦૬
પારાકવ્રત	-	૦૧	એકટાણા	-	૦૯
ધારણા પારણા	-	૧૮	૧૦૮ કલાક ઉપવાસ	-	૦૮
પીપીલિકા ચાંદ્રાયણ	-	૦૨	ઋષિ ચાંદ્રાયણ	-	૦૨

ગુરુપૂર્ણિમા મહોત્સવ : અમેરિકા

ગુરુકુલ પરિવાર યુ.એસ.એ., શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર દ્વારા તારીખ ૯ જુલાઈ, ગુરુપૂર્ણિમાના પાવન દિવસે ગુરુપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય શ્રી ધર્મપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય સૂર્યનારાયણદાસજી મહારાજ (સુરત), ઋષિકુમાર પંડ્યા અજય તથા ઉપસ્થિત ભક્તજનોએ ભગવાન શ્રીહરિ, ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું પૂજન કર્યું હતું. આ પ્રસંગે પૂજ્ય વેદાંતસ્વામીએ ગુરુનું મહત્વ તથા ગુરુપૂજનનો મહિમા વર્ણવ્યો હતો. પંડ્યા અજયે ગુરુમહિમા વિશે વાતો કરી હતી. પૂજ્ય સ્વામીજીએ ખાસ આ પ્રસંગે ટેલીફોનથી આશીર્વાદ પાઠવ્યા હતા. આ મહોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.



એક દિવ્ય અનુભૂતિ

'મારા જનને અંતકાળે જરૂર મારે આવવું' ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ વચન આજે પણ સિદ્ધ છે. મહારાજ આજે પણ પોતાના ભક્તને તેડવા પધારે છે અને કેટલાંકને એની અનુભૂતિ પણ થાય છે. અહીં દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ભૂતપૂર્વ ઋષિકુમાર નિરવ જાનીને થયેલ એક દિવ્ય અનુભવની સત્ય ઘટના આપણા સહુના હૃદયને જરૂર સ્પર્શશે.

નિરવ જાનીના જ શબ્દોમાં....

આદરણીય રક્ષાબેન ઘનશ્યામભાઈ શાહની (મુંબઈ નિવાસી ગુરુકુલના સમર્પિત સેવક ડી.કે. શાહના પુત્રવધુ)અચાનક વિદાયની વાત કરવી છે. તા. ૨૨/૦૬/૨૦૧૭ સાંજે તોઓએ મારા અભ્યાસ, મારી જોબ, મારા કેટલાંક અંગત પ્રશ્નો જે તેઓ જાણતા હતા એ અને મારા જપ-તપ બાબત મારી સાથે વિસ્તારથી વાત કરી. આમ તો ક્યારેક ક્યારેક તેઓ મને ફોન કરીને પૂછી જ લેતા હોય છે કે, મહારાજ તમારું **Ph.D** કેવું ચાલે છે ? સ્કૂલમાં છોકરાવને મારતા નહીં. ભણાવજો. બાળક તો ભગવાનનું સ્વરૂપ કહેવાય...વગેરે...

પણ ૨૨ તારીખે એમણે જે રીતે પ્રશ્નોત્તરી કરી એવી આ પહેલાં ક્યારેય નહોતી કરી. એ પ્રશ્નોત્તરીમાં એમણે **SGVP** નાં બધા જ આગેવાન ઋષિકુમારોનાં હાલ-હવાલ પણ પૂછ્યાં... પછી ૨૩ થી લઈને ૨૭ સુધી કોઈ જ સમાચાર નહીં. કોઈ સંપર્ક નહીં.

૨૮ એ બપોરે તરુબેન (રક્ષાબહેનના બહેન) નો મારા પર ફોન આવ્યો. મને કહ્યું કે ભગવાનને પ્રાર્થના કરજો. રક્ષાબેન **ICU** માં છે. ૨૮ મી એ મારી મમ્મીનો જન્મદિવસ હતો. સાંજે યથાશક્તિ મૃત્યુંજય જપ કર્યા.

૨૯ એ સમાચાર મળ્યા કે હાલત અત્યંત નાજુક છે. હું મારા ઘરે તથા **SGVP** માં ભગીરથ વગેરે ઋષિકુમારો સામુહિક રીતે પ્રાર્થના કરવા લાગી ગયા. બપોર પછીનો શરુ થયેલો એ જપયજ્ઞ રાત્રે ૧૧:૩૦ એ પૂરો કર્યો. વચ્ચે એકવાર તરુબેનનો ફોન આવ્યો. મલ્ટીપલ ઓર્ગન્સ ફેઈલ્યોર થઈ રહ્યું છે. ભારે હૈયે જપ કરતા કરતા પ્રાર્થના થઈ રહી...

૩૦ મી એ વહેલી સવારે ૫:૧૫ આસપાસ મારી આંખ ખુલી ગઈ. કેમ કે મને, મેં ક્યારેય ન અનુભવેલી કોઈક અદ્‌ભુત સુગંધ આવી રહી હતી. રોજની આદત મુજબ પથારીમાં જ થોડીવાર મેડિટેશન (આત્મસ્વરૂપનું ધ્યાન) શરુ કર્યું. એ ધ્યાનમાં એક અદ્‌ભુત અને અત્યંત તેજસ્વી લીસોટો દેખાયો, જાણે કોઈ રોકેટ જેવું યાન મારી અત્યંત નજીકથી ઉપર તરફ ગતિ કરી રહ્યું હતું... અને થોડી જ ક્ષણોમાં એ અનંતમાં વિલીન થઈ ગયું... મને જાણે કોઈ બોલાવતું હોય એવો આભાસ થયો. અને અંદરથી જાણે કોઈ અત્યંત માદક નશો કર્યો હોય એવો આનંદ અનુભવાઈ રહ્યો હતો. ખુબ જ આનંદ, સહજ આનંદ હતો એ... આશ્ચર્ય વચ્ચે હું એ આનંદ સાક્ષીભાવે અનુભવતો રહ્યો. અને ધ્યાન પૂર્ણ કરી ઉભો થયો ત્યારે ૫:૪૦ નો સમય થયો હતો.

એમ તો આ પહેલા પણ ધ્યાનમાં અનેક પ્રકારનાં અનુભવો થયા છે. પણ આ અનુભવ સાવ નવીન અને આશ્ચર્ય કારક હતો. દૈનિક કાર્ય પૂર્ણ કરી શાળાએ ગયો. ૧૧ વાગ્યે તરુબહેનનો ફોન આવ્યો કે, રક્ષાબહેન આજે સવારે ૫:૩૦ એ ભગવાનનાં ધામમાં સિધાવ્યા...!!

રક્ષાબહેન ગયા... મારી સગી માતાને ગુમાવવા જેટલું દુઃખ થયું. ભગવાન એમના દિવ્ય આત્માને શાંતિ આપે...

જય શ્રી સ્વામિનારાયણ.....

(ભગવાન શ્રીહરિ રક્ષાબેનના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે તેવી ગુરુકુલ પરિવારજનો પ્રર્થના કરે છે.)

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી ભાનુભાઇ નાથાભાઇ પટેલ :- ગામ સીમરડા હાલ શિકાગો નિવાસી પ.ભ. શ્રી ભાનુભાઈ પટેલ ૧૪ જુલાઈના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સંતોના પરમ કૃપાપાત્ર, ગુરુકુલના સેવક તથા ગુરુપૂર્ણિમા મહોત્સવના કાયમી યજમાન એવા ભાનુભાઈની સેવા અવર્ણનીય હતી. થોડા સમય પહેલા જ પૂજ્ય સ્વામીજી સાથે સાઉથ ઇન્ડીયાની યાત્રામાં જોડાયા હતા. પરમ ભગવદીય ભાનુભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા શારદાબેન, હિતેશભાઈ, સ્નેહાબેન, નેવાન વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રમેશભાઇ પટેલ :- અમેરિકા નિવાસી પ.ભ. શ્રી રમેશભાઈ પટેલ ૨૯ જૂનના રોજ ભગવાનનું સ્મરણ કરતા થકાં અક્ષરવાસી થયા છે. રમેશભાઈ SSSM ચાર્લોટના પ્રમુખ તથા ISSSV ના ઉપપ્રમુખ રહીને વર્ષો સુધી સેવાઓ કરી હતી. એમને ગુરુકુલ અને સંતો પ્રત્યે ખૂબ આદર હતો. રમેશભાઈ મહારાજનું અખંડ સુખ પ્રાપ્ત કરે તથા તેમના પરિવારજનોને ધીરજ અર્પે તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

અ.નિ. શ્રી હરીનકુમાર પ્રકાશભાઇ પાંચોટીયા :- રાજકોટ નિવાસી તથા ગુરુકુલના અનન્ય સેવક શ્રી પ્રકાશભાઈના પુત્ર ચિ.હરીનકુમાર ખૂબ જ નાની ઉંમરે અક્ષરવાસી થયા છે. હરીનના અક્ષરવાસના સમાચાર સાંભળીને સંતો તથા ગુરુકુલ પરિવારના ભક્તજનો ગહેરા દુઃખની લાગણી અનુભવે છે. ભગવાન શ્રીહરિએ અકાળે પોતાની પાસે બોલાવી લીધેલા હરીનને પોતાની મૂર્તિનું સુખ આપે તથા પ્રકાશભાઈ, રવિ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વનમાળીભાઇ ગોવિંદભાઇ પટેલ :- વિસતપુરા નિવાસી પ.ભ. શ્રી વનમાળીભાઈ પટેલ ૨ જૂનના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સદ્‌ગુરુ સંતોનો કૃપાપાત્ર આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ વનમાળીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા મનજીભાઈ, સુરેશભાઈ, જિજ્ઞેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી શામજીભાઇ નારાયણભાઇ છભાડીયા :- ગામ માંડવી નિવાસી તથા ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા પ.ભ. શ્રી શામજીભાઈ છભાડીયા ૧૬ જુલાઈના રોજ ૮૫ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. શામજીભાઈ તથા એમનો પરિવારનું સમર્પણ સત્સંગમાં ખૂબ જ રહ્યું છે. સંતો તથા શ્રીહરિમાં હેતવાળા શામજીભાઈના અક્ષરવાસથી સારાએ સત્સંગને ખૂબ મોટી ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ શામજીભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા કાંતિભાઈ, પરબતભાઈ, વાલજીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ગોરધનભાઇ દેવજીભાઇ કપુરીયા :- ગામ જામવાડી નિવાસી પ.ભ. શ્રી ગોરધનભાઈ કપુરીયા શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ગુરુકુલમાં આ પરિવારની સેવા અજોડ છે. ભગવાન શ્રીહરિ ગોરધનભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા ભગવાનજીભાઈ, રમેશભાઈ, જયસુખભાઈ, કેવીન વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વિપુલભાઇ ગોપાલભાઇ ચોટલીયા :- પ.ભ. શ્રી વિપુલભાઈ ચોટલીયા ૨૬ એપ્રિલના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિમાં અપાર હેતવાળા તથા સત્સંગનિષ્ઠ વિપુલભાઈ ખૂબ જ સજ્જન પુરુષ હતા. એમનો પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ વિપુલભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વાલબાઇ વિસરામભાઇ માયાણી :- ગામ દહીંસરા હાલ લંડન નિવાસી શ્રી વાલબાઈ માયાણી ૮૪ વર્ષની ઉંમરે શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાનમાં અતિ હેતવાળા વાલબાઈના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા વિસરામભાઈ, દિનેશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અમદાવાદ ગુરુકુલ ● ગુરુકુલમાં રસોઇ ● છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી પ્રકાશભાઈ કુંવરજીભાઈ નારદાણી, યુ.કે.
પ.ભ. શ્રી માવજીભાઈ ખેતાભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ધર્મેન્દ્રભાઈ નારાયણભાઈ માવાણી, અમદાવાદ
પ.ભ. શ્રી ભાસ્કરભાઈ રવિશંકરભાઈ ત્રિવેદી, અમદાવાદ
અ.નિ. શ્રી રક્ષાબેન ઘનશ્યામભાઈ શાહ
હસ્તે પ.ભ. શ્રી ડી.કે. શાહ, મુંબઈ
અ.નિ. શ્રી નારાયણભાઈ રણછોડભાઈ ખુટ, હસ્તે મગનભાઈ

પ.ભ. શ્રી મુકુંદભાઈ નરસિંહભાઈ પડશાળા, અમદાવાદ
પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ ગોહિલ, ગાંધીનગર
પ.ભ. શ્રી દર્શનાબેન આર. દવે, અમદાવાદ
પ.ભ. શ્રી જીતુભાઈ કાંતિભાઈ આણદાણી, અમદાવાદ
પ.ભ. શ્રી હિંમતભાઈ વલ્લભભાઈ ધોરાજીયા, સુરત
પ.ભ. શ્રી જગદીશકુમાર રવજીભાઈ જેસાની, ઓસ્ટ્રેલીયા
પ.ભ. શ્રી રાજેન્દ્રપ્રસાદ નૌતમભાઈ કનોજીયા, કેશોદ

આગામી આયોજન

તા. ૧/૮/૧૭, **મંગળવાર :** શ્રીહરિ જયંતી : નિલકંઠવર્ણી પયોભીષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૩/૮/૧૭, **ગુરુવાર :** પવિત્રા એકાદશી : રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૬/૮/૧૭, **રવિવાર :** સુહૃદસભા : સાંજે ૫:૩૦ કલાકે, છારોડી ગુરુકુલ
તા. ૭/૮/૧૭, **સોમવાર :** ખગ્રાસ ચંદ્રગ્રહણ : રાત્રે ૧૦:૫૨ થી ૧૨:૪૮, ગુરુકુલમાં વિશેષ ભજનનું આયોજન.
તા. ૧૦ થી ૧૬/૮/૧૭, **જ્ઞાનસત્ર :** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ
તા. ૧૫/૮/૧૭, **મંગળવાર :** સ્વાતંત્ર દિન તથા જન્માષ્ટમી મહોત્સવની જ્ઞાનસત્ર દરમિયાન ભવ્ય ઉજવણી કરવામાં ઉજવાશે.
તા. ૧૮/૮/૧૭, **શુક્રવાર :** અજા એકાદશી : રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૨૫/૮/૧૭, **શુક્રવાર :** ગણેશ ચતુર્થી : મેમનગર ગુરુકુલ ખાતે વિશેષ ગણેશપૂજન થશે.
તા. ૩૦/૮/૧૭, **બુધવાર :** શ્રીહરિ જયંતી : નિલકંઠવર્ણી પયોભીષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ

|| SHREE SWAMINARAYANO VIJAYTETRAM ||

SHREE JOGI SWAMI

SGVP

HOLISTIC HOSPITAL

INSPIRATION : H.H. GURUVARYA SHREE MADHAVPRIYADASJI SWAMI

COMING SOON 2017

"YOGA, AYURVEDA & ALLOPATHY
WHAT TO CHOOSE WHERE TO GO ?
COME TO SGVP HOLISTIC HOSPITAL FOR ALL,,

+91 95 122 00 122 | hospital@sgvp.org | www.sgvpholistichospital.org

SGVP Campus, S-G Highway, Opp. Nirma University, Chharodi, Ahmedabad - 382 481

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ની શાખા

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર (ઉના) ખાતે

જળઝીલણી મહોત્સવ

તારીખ :- ૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ શનિવાર

ભગવાન શ્રીહરિને જળમાં ઝીલાવવા, સંતોના મુખે કથા શ્રવણ કરવા,
વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ માણવા ભક્તજનોને ભાવભર્યું આમંત્રણ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદને આંગણે ઉજવાયો ભવ્ય રથયાત્રા મહોત્સવ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં SGVP ખાતે ઉજવાયો ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ

Owner/Publisher & Printer: Balkrishnadasji Swami, Shri Swaminarayan Gurukul,Memnagar,Ahmedabad-380052.
Printed at Surya offset,Ambali,Ahmedabad-380058.Published at Shri Swaminarayan Gurukul,Memnagar,Ahmedabad.